ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# આજે મનપાની સામાન્ય સભામાં ગાબડાગ્રસ્ત સેકટરોના મુદ્દે વિપક્ષ અવાજ ઉઠાવશે

## સામાન્ય સભામાં વિવિધ સાત સમિતિઓને મંજુરી અપાશે : વિવિધ સંવર્ગના કર્મચારીઓની ભરતી સંદર્ભે પ્રતિક્ષા યાદી પણ મોટી રાખવા નિર્ણય લેવાશે

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે સામાન્ય સભા યોજવામાં આવશે જો કે સામાન્ય સભા આમ તો ગણતરીની મિનિટોમાં જ આટોપી લેવામાં આવતી હોય છે. ગત સામાન્ય સભામાં પણ આવી જ સ્થિતિ જોવા મળી હતી સામાન્ય સભા દરમિયાન પ્રજાલક્ષી મુદ્દાઓની રજુ કરવા કે ચર્ચા માટે સમય જ આપવામાં આવતો ન હોવાનો રોષ પણ અગાઉ વિપક્ષે વ્યકત કર્યો હતો. જયારે આ સ્થિતિ વચ્ચે આજે યોજાનારી મહાનગરપાલિકાની સામાન્ય સભામાં પણ સ્માર્ટ બનતા શહેરમાં પાણી ગટરની નવી લાઈન નાંખવા સેકટરોમાં ઠેર ઠેર ખોદકામના અંતે ઉભી થયેલી ઉબડ ખાબડ સ્થિતિને અનુલક્ષીને પણ વિપક્ષ દ્વારા અવાજ ઉઠાવામાં આવશે આ ઉપરાંત વિવિધ સાત સમિતિઓને આખરી મંજુરી આપવામાં આવશે.

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે યોજાનારી સામાન્ય સભામાં સ્થાયી સમિતિ કક્ષાએથી મંજુર કરાયેલી વિવિધ ૬ દરખાસ્તો અન્વયે નિર્ણય લેવાશે. જેમાં વિવિધ સાત સમિતિ બનાવવા માટે મંજુરી આપવામાં આવશે. ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યુ ત્યારબાદ પ્રથમાવર ચુંટણીમાં ભાજપનો જંગી બહુમતીથી વિજય થયો હતો.

હાલ મહાનગરપાલિકામાં ૪૧ જેટલા કોર્પોરેટર ભાજપના છે. ત્યારે લાંબા સમયથી હોદો આપવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. પક્ષમાં પણ આ મુદ્દો સમયાંતરે ઉઠતો રહેત છે. ચેરમેન તેમજ ડેપ્યુટી ચેરમેન સહીતના હોદા માટે પણ માંગણી થઈ રહી છે. જેને ધ્યાનમાં રાખીને ગત સ્થાયી સમિતિની બેઠક દરમિયાન પણ વિવિધ સાત સમિતિઓની રચના કરવા મંજુરી આપી દેવામાં આવી હતી. જયારે હવે આજની સામાન્ય સભામાં આ સાત સમિતિઓને મંજુરી આપવામાં આવશે. જેના અંતે ટુંકમાં જ આ સમિતિઓ કાર્યરત થઈ જશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

આ ઉપરાંત ગાંધીગર શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ ચાલી રહ્યુ છે ત્યારે સેકટરોમાં નજર નાંખો ત્યાં માટી પોલાણ વચ્ચે ખાડા ટેકરા અસ્તિત્વમાં આવ્યા છે. વરસાદી દિવસોમાં સ્થિતિ વધુ ખરાબ જોવા મળે છે. કેટલાક ઠેકાણે જોખમી ગાબડા પણ અસ્તિત્વમાં આવે છે. આવા સંજોગોમાં સ્થાનિકોને ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવે છે.

હાલ વરસાદી દિવસો ચાલુ છે ત્યારે સેકટરોમાં ઘણા ઠેકાણે આ પ્રકારની સ્થિતિ જોવા મળે છે. જેને અનુલક્ષીને વિપક્ષ દ્વારા સામાન્ય સભામાં પણ આ મુદ્દે અવાજ ઉઠાવામાં આવશે. જયારે મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગમાં વિશેષ ભરતી પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે. આ સ્થિતિમાં વિવિધ સંવર્ગના કર્મચારીઓ ભરતીના અંતે કામ મુકીને જતા રહેતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં મેન પાવરની કમી ન વર્તાય તે પણ અનિવાર્ય છે. જયારે ત્વરિત અસરથી અન્ય કર્મચારીઓને સમાવી શકાય તે માટે પ્રતિક્ષા યાદી મોટી રાખવા અંગેની દરખાસ્ત સંદર્ભે પણ યોગ્ય નિર્ણય કરવામાં આવશે અલબત્ત વેઈટીંગ લીસ્ટ જરૂર સામે બે ગણુ રાખવા માટે પણ આયોજન કરાશે.



સેક્ટર-૧ ના તળાવની આસપાસનું લેન્ડ સ્કેપીંગ ખુબ અદ્ભૂત છે. અહીં બાળકો માટે વિવિધ રમતના સાધનો ઉપરાંત આઉટડોર ગેમ્સ માટે મેદાન બનાવાયા છે. જો કે અહીંની મુલાકાત લેતા મુલાકાતીઓને એક જ વાતનો વસવસો રહેતો હતો કે સેક્ટર-૧નું તળાવ સાવ ખાલી રહે છે. તેમાં પાણી ટકતુ જ નથી. જો કે આ વર્ષે ચોમાસુ ખુબ સારૂ રહ્યુ હોઈ તળાવમાં સારૂ એવુ પાણી આવ્યુ છે. જેના કારણે તેનો નજારો નયનરમ્ય બની ગયો છે. વરસાદી વાતાવરણને અહીં બેસીને માણવુ એક આહલાદક અનુભવ છે.

# શહેરમાં સવારે વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમરિયા વરસાદથી ભીંજારો

## ગાંધીનગરમાં સિઝનનો ૫૦૫ મી મી વરસાદ : વરસાદી વાયરા વચ્ચે ગરમીનો પારો ૨.૫ ડીગ્રી ઉંચકાયો

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં વરસાદી મોસમ નિખરી છે બે દિવસ અગાઉ રાત્રિના સમયે તોફાની વરસાદના અંતે સેકટરોમાં ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી જયારે છેલ્લા બે દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી ભીંજારો યથાવત જોવા મળે છે. આજે સવારે પણ ઝરમરિયા વરસાદે હાજરી પુરાવી હતી. જયારે દિવસ દરમિયાન ગરમીનો પારો ૨.૫ ડીગ્રી ઉપર આવ્યો હતો મહત્તમ તાપમાન ૩૨.૫ ડીગ્રી નોંધાયુ હતુ. લઘુત્તમ તાપમાન પણ એક ડીગ્રી ઉપર આવ્યુ હતુ.

ગાંધીનગરમાં વરસાદ રોજબરોજ હાજરી પુરાવી જાય છે. છેલ્લા કેટલાક દિવસોથી વાદળિયુ વાતાવરણ યથાવત છે. જયારે બે દિવસ અગાઉ રાત્રિના સમયે મેઘરાજાએ બઘડાટી બોલાવતા સેકટરોમાં ઠેર ઠેર પાણી પાણી થઈ ગયુ હતુ. જયારે ગઈકાલે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમરિયો વરસાદ વરસ્યો હતો જયારે આજે પણ દિવસ દરમિયાન આકાશમાં વાદળોની અવરજવર વચ્ચે કયારેક વાદળિયુ વાતાવરણ જોવા મળતુ હતુ તો કયારેક વરાપ નિકળતા વરસાદી વાદળો પણ દુર હટી જતા આકાશ ચોખ્ખુ જોવા મળ્યુ હતુ પરંતુ સવારે વાદળિયા માહોલ વચ્ચે ઝરમર વરસતા વરસાદથી સેકટરોમાં ભીંજારા પ્રવર્તયો હતો. સેકટરોમાં સતત વરસાદી ભીંજારાના લીધે અનેકવિધ સમસ્યાઓ ઉદભવી છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૫૦૫ મી મી વરસાદ વર્સયો છે. અલબત્ત શહેરમાં સિઝનનો ૫૦ ટકાથી વધુ વરસાદ થઈ ગયો છે. જયારે વરસાદી વાતાવરણ વચ્ચે આજે ગરમીનો પારો ૨.૫ ડીગ્રી ઉપર આવ્યો હતો જેના લીધે દિવસ દરમિયાન નગરજનોએ

● અનુસંધાન પાન-૭ પર

# આજે ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહની પુરક પરીક્ષાનું પરિણામ

**વિદ્યાર્થીઓના ગુણપત્રક, પ્રમાણપત્ર અને S.R. શાળાવાર મોકલવા અંગેની જાણ હવે પછીથી કરવામાં આવશે**

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ દ્વારા જુલાઈ-૨૦૨૩માં યોજાયેલી ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ **www.gseb.org** પર આજે સવારના ૮ કલાકે જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ તેઓનું પરિણામ પોતાની જુલાઈ-૨૦૨૩ પૂરક પરીક્ષાનો બેઠક ક્રમાંક (**Sent Number**) ભરીને મેળવી શકશે. વિદ્યાર્થીઓ **WhatsApp Number 6357300971** પર પણ પોતાની જુલાઈ-૨૦૨૩ પૂરક પરીક્ષાનો બેઠક ક્રમાંક મોકલીને પરિણામ મેળવી શકશે.

વિદ્યાર્થીઓના ગુણપત્રક, પ્રમાણપત્ર અને **S.R.** શાળાવાર મોકલવા અંગેની જાણ હવે પછીથી કરવામાં આવશે. પરીક્ષા બાદ ગુણ ચકાસણી, દફતર ચકાસણી, નામ સુધારા, ગ્રુપ સુધારા, ગુણ તૂટ અસ્વીકાર અને પરીક્ષામાં પુનઃ ઉપસ્થિત થવા માટેની જરૂરી સૂચનાઓ અને નમૂનાના નિયત ફોર્મ (પરિપત્ર) શાળાઓએ બોર્ડની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી તે અનુસાર યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે, જેની શાળાના આચાર્યો, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા તમામ સંબંધિતોએ નોંધ લેવા જણાવાયું છે.

# રેરામાં ચેરમેન સભ્યોની નિમણુંકના અભાવે વિવિધ સ્કીમોની મંજુરી અટવાઈ

## અંદાજિત ૧૦૦ જેટલી સ્કીમોની મંજુરી પ્રક્રીયા પેન્ડીંગ : રોકાણકારોએ આર્થિક નુકશાની વેઠવી પડે તેવી સ્થિતિ

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં વિકાસના અનેકવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે. જયારે નતનવા મોટા બિલ્ડીંગોના નિર્માણ વચ્ચે શહેર તેમજ આસપાસના વિસ્તારનો સિનારીયો બદલાઈ રહ્યો છે. જયારે વિકાસની આ ગતિવિધિને રીયલ એસ્ટેટ રેગ્યુલારીટી ઓથોરીટી સાથે નિસ્તબત ચોકક્સ છે. પરંતુ રેરામાં ચેરમેન સહીત અન્ય સભ્યોની નિમણુંક થઈ નથી જેના લીધે ૧૦૦ જેટલી ખાનગી સ્કીમોની મંજુરીની પ્રક્રીયા અધ્ધરતાલ છે. આ સ્થિતિ વચ્ચે બિલ્ડરો અને ડેવલપર્સ પણ વ્યાજ ચુકવવા સાથે આર્થિક બોજની ચિંતા કરી રહ્યા છે.

ગાંધીનગરના રહેણાંક માટેની સ્કીમને અનુલક્ષીને પણ રેરાની મંજુરી હોવી જરૂરી છે. ત્યારે આ સ્થિતિ વચ્ચે આર્થિક નુકશાની થવાની ચિંતા પણ પ્રબળ બની છે. વાણિજય, ઔદ્યોગિક કે રહેણાંકના કોઈપણ પ્રકારના બાંધકામ માટે રેરાની મંજુરી મેળવવી અનિવાર્ય છે. ગ્રાહકના હીતને ધ્યાનમાં રાખીને આ મામલે કાયદાનુ ગઠન કરવામાં આવ્યુ છે જયારે આ માટે અલગ તંત્ર કાર્યરત છે. ગાંધીનગરમાં સ્થિત રેરાની કચેરીનુ તંત્ર સાવ ખાડે ગયુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. સરકારે રેરામાં ચેરમેન અને સભ્યની નિમણુંક કરી નથી. સમગ્ર રાજયમાં એકબાજુ ઢગલાબંધ સ્કીમો તૈયાર થઈ રહી છે. બાંધકામ ક્ષેત્રે નવા આયોજનો પણ થઈ રહ્યા છે. ત્યારે આ ગતિવિધિઓને વેગ આપતા તંત્ર કક્ષાએથી મંજુરી આપવાની પ્રક્રીયા અટવાઈ પડી છે. ગાંધીનગરમાં એક અંદાજ મુજબ ૧૦૦ જેટલી સ્કીમોની મંજુરીઓનુ ઠેકાણુ પડતુ નથી એકબાજુ રેરાનુ તંત્ર જાણે ઠપ્પ થઈ ગયુ હોય તેવી સ્થિતિ છે ત્યારે ખાનગી બિલ્ડર્સ અને ડેવલપર્સ સાથે રાજયની વિવિધ ઓથોરીટીઝ દ્વારા બાંધકામ સંદર્ભે રજુ થયેલી ૧૫ જેટલી અરજીઓ પેન્ડીંગ છે. જે અંગે નિર્ણય લેવાતો નથી જયારે આ મામલે જરૂરી મંજુરીની પ્રક્રીયા પુર્ણ થાય તો ઓથોરિટી પણ આગળની ગતિવિધિ હાથ ધરી કામમાં વેગ લાવી શકે. જયારે બાંધકામની સ્કીમ સંદર્ભે પ્રથમ મંજુરી લેવાની અનિવાર્ય હોવાથી આવા સંજોગોમાં દુકાન કે ફલેટના બુકીંગ લેવાનુ પણ શક્ય નથી. જેથી રોકાણકારોએ આર્થિક નુકશાની વેઠવાનો વારો આવતો હોવાનો સુર પણ આક્રોશ સાથે ઉઠવા પામ્યો છે.

### મોડીસાંજે રેરાના ચેરમેનપદે અનિતા કરવાલ નિમાયા

ગાંધીનગર, તા. ૨૪

આજે મોડીસાંજે શહેરી વિકાસના એક જાહેરનામા અન્વયે રીયલ એસ્ટેટ રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ ઓથોરીટીના ચેરમેન પદે નિવૃત્ત સનદી અધિકારી શ્રીમતી અનિતા કરવાલની નિમણુંક કરાઈ છે.

# ગાંધીનગર ફરી બન્યું ખાડા નગર

## વરસાદ પડતા જ શહેરમાં ઠેર ઠેર ભૂવા અને ખાડા પડી જાય છે : વિકાસકાર્યો બાદ પુરાણ યોગ્ય રીતે ન થતાં ઠેર ઠેર ભૂવા પડે છે



ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર ભૂવા પડવાનો સીલસીલો યથાવત રહ્યો છે. સેકટરોમાં વિવિધ સ્થળોએ ભૂવા પડતા વસાહતીઓને ખૂબ તકલીફ પડી રહી છે. વાહનો ભૂવામાં ફસાઈ જવાના બનાવો વધી રહ્યા છે.

રાજ્યનું પાટનગર હોવા છતાં અહીં સુવિધાઓના બદલે દુવિધાઓ જ જોવા મળે છે. વિકાસકાર્યો ઘણા થઈ રહ્યા છે પરંતુ તેની ગુણવત્તા યોગ્ય રીતે જળવાતી ન હોવાથી વિકાસકાર્યો સામાન્ય જનતા માટે મુસીબત સાબિત થઈ રહ્યા છે. શહેરમાં મોટાભાગે અન્ડરગ્રાઉન્ડ પાઈપલાઈન દ્વારા પાણી અને ગટરની સુવિધા અપાઈ છે. આ ઉપરાંત વીજળી અને વાઈફાઈના અન્ડરગ્રાઉન્ડ કેબલ નાંખવા વારંવાર ખાડા ખોદવામાં આવે છે. શહેરને ૨૪ કલાક પાણીની સુવિધા મળે તે માટે હમણા જ આખા શહેરમાં ખાડાઓ ખોદી નાંખવામાં આવ્યા હતા. જો કે આ ખાડાઓ ખોદાયા બાદ અને પાઈપલાઈન નાંખ્યા બાદ પુરાણ યોગ્ય રીતે ન થતાં શહેરમાં ઠેર ઠેર ભૂવા અને ખાડા પડી રહ્યા છે. રાહદારીઓને તો તકલીફ પડી રહી છે પરંતુ વાહનો તેમાં ફસાઈ જાય તેવા બનાવો પણ સતત બની રહ્યા છે. ભૂવા અને ખાડાઓથી સામાન્ય જનતા હેરાન પરેશાન થઈ ચૂકી છે.

જરાક વધુ વરસાદ પડે તો ભૂવાઓ પડવાની સંખ્યા વધી જાય છે. છેલ્લા બે દિવસથી વરસાદ વધુ હોવાથી સેક્ટર-૪ માં પ્લોટ નં. ૧૧૪૨/૧ની નજીક ભૂવો પડી ગયો છે. આ ઉપરાંત સેક્ટર-૧ માંથી સેક્ટર-૮ તરફ જવાના માર્ગની બાજુમાં જ મોટો ભૂવો પડ્યો છે.

સેકટરના આંતરિક વિસ્તારોમાં તો સ્ટ્રીટ લાઈટ પણ બંધ રહેતી હોવાને કારણે રાત્રિના સમયે વાહન ચાલકોને ખ્યાલ જ નથી આવતો કે ખાડો કે ભૂવો છે. જેના કારણે વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.



શહેરમાં સવારથી ધીમી ધારે વરસતા વરસાદની સાથે વાદળોની ચાદર છવાઈ જતા મનમોહક દશ્ય સર્જાયા હતા. જેમાં વાદળો જાણે સૌ કોઈને હિમાલયના દર્શન કરાવતા હોય તેવા નયનરમ્ય દશ્યો જોવા મળ્યા હતા.

# ગુડાની ગ્રામ વિકાસ સદભાવના યોજના અન્વયે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ મામલે ગામડાઓમાં વિરોધ

## કામગીરીમાં અવરોધ ઉભો થતા ગુડા ની મૂંઝવણ વધી

ગાંધીનગર, તા.૨૪

ગ્રામ વિકાસ સદભાવના યોજના અંતર્ગત ગુડાના ૨૬ ગામોમાં માળખાકીય સુવિધાઓ માટે કરોડો રૂપિયાના ખર્ચ નુ આયોજન કરવામાં આવ્યું છે જ્યારે આ યોજના અન્વયે પ્રથમ તબક્કે ગામડાઓમાં ગટરનું નેટવર્ક ઉભુ કરાશે આ કામગીરી એક વર્ષમાં કામ પૂરી કરી દેવાશે . તો બીજીતરફ ગામડાઓમાં ગંદા પાણીના નિકાલ માટે જરૂરી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સામે ઘણા ઠેકાણે વિરોધ અને જમીન સંબંધિ પ્રશ્નો ઉપસ્થીત થયા છે જેના લીધે નવી મૂંઝવણ ઊભી થઈ છે

ગ્રામ વિકાસ સદભાવના યોજના અન્વયે ગુડા વિસ્તારમાં ૨૬ ગામડાઓમાં પીવાના પાણી, ગંદા પાણીના નિકાલ, રસ્તા, સ્ટ્રીટ લાઈટ, આંગણવાડી, પ્રાથમિક શાળા, પંચાયત ઘર સહિતની સુવિધા ઉપલબ્ધ કરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. સરકાર દ્વારા ગામડાઓમાં શહેર સમકક્ષ સુવિધાઓ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે

ગુડા એ આ યોજનામાં ગંદા પાણીના નિકાલ માટે ગટર લાઈન અને એસટીપી ની કામગીરી હાથ ધરી છે જો કે કામગીરીની સાથે રતનપુર, વલાદ, લવારપુર, શિહોલી મોટી, દશેલા, નવા ધરમપુર, તારાપુર અને ચિલોડામાં વિરોધ ઊભો થયો છે ગંદા પાણીને શુદ્ધ કરીને તેનો નિકાલ કરવા માટેના સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરીમાં અવરોધ ઉભો થયો છે . વલાદ, લવારપુર, તારાપુર અને ચિલોડામાં એસટીપી માટે જમીનની બાબતે વિવાદ થયો છે . શિહોલી મોટી, દશેલા અને નવા ધરમપુરમાં તો ગ્રામજનોએ વિરોધ ઉઠ્યો છે જ્યારે અમુક ગામોમાં પીવાના પાણીના કામને અગ્રતા આપવા માંગ કરવામાં આવી છે.







# મનપા સંચાલિત અંગ્રેજી સ્કૂલમાં શિક્ષકની અછત નથી

## હાલમાં કુલ ૧૧ શિક્ષકો ફરજ બજાવે છે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગ પાલિકા સંચાલિત અંગ્રેજી સ્કૂલમાં શિક્ષકની અછત બાબતે પ્રતિષ્ઠિત દૈનિક અખબારમાં છાપવામાં આવેલ સમાચારના અનુસંધાને જણાવવાનું કે, ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સિનિયર કેજી અને જુનિયર કેજીની ઇંગ્લીશ મિડિયમની શાળાના બે વર્ગ ચલાવવામાં આવે છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સરકારી પ્રાથમિક શાળાઓમાં જુનિયર કેજી અને સિનિયર કેજી એમ બે વર્ગો ચલાવવામાં આવે છે. જેમાં કુલ પાંચ સ્કૂલમાં સિનિયર કેજી વર્ગના એક ટીચર તથા જુનિયર કેજી વર્ગ માટે એક ટીચર એમ બે શિક્ષકોની નિમણૂક કરવામાં આવેલી છે. આમ કુલ પાંચ શાળાઓમાં સિનિયર કેજી અને જુનિયર કેજીના વર્ગ ચલાવવામાં આવે છે. તથા તેમાં કુલ-૧૧ શિક્ષકોની નિમણૂક કરવામાં આવેલી છે. જેની વિગતવાર માહિતી અત્રે સામેલ પત્રકમાં બિડાણ કરેલ છે.

આમ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ચલાવવામાં આવતી સિનિયર કેજી તથા જુનિયર કેજી ના વર્ગોમાં શિક્ષકોની ઘટ નથી આથી વર્તમાન પત્રમાં છપાયેલ સમાચારને ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સમર્થન આપવામાં આવતુ નથી.

# વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે ૨૭મીએ પ્રથમ ગ્રીનફીલ્ડ એરપોર્ટનું લોકાર્પણ

## ૧૪૦૫ કરોડના ખર્ચે ગ્રીનફીલ્ડ એરપોર્ટનું નિર્માણ : ૨૩ હજાર ચોરસ મીટર વિસ્તારમાં બનાવવામાં આવ્યું છે પેસેન્જર ટર્મિનલ : પીક અવર્સમાં દર કલાકે ૧૨૮૦ મુસાફરોનું સંચાલન કરવા સક્ષમ

ગાંધીનગર, તા.૨૪

'ન્યૂ ઈન્ડિયા'ના પ્રણેતા તથા સ્વપ્રદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ૨૭ અને ૨૮ જુલાઈ ૨૦૨૩ના રોજ ગુજરાતની બે દિવસીય યાત્રા પર છે. તેઓ ૨૭મી જુલાઈ ૨૦૨૩ના રોજ ગુજરાતના પ્રથમ ગ્રીનફિલ્ડ એરપોર્ટ - હિરાસર ગ્રીનફિલ્ડ એરપોર્ટનું ઉદ્ઘાટન કરશે. આ માટે હાલ રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર તેમજ એરપોર્ટ ઓથોરિટી દ્વારા તૈયારીઓનો ધમધમાટ શરૂ થઈ ગયો છે.

ઉલ્લેખનીય છે કે, ૭ ઓક્ટોબર ૨૦૧૭ના રોજ વડાપ્રધાનશ્રીએ જ ચોટીલા પાસે આવેલા હિરાસર ગામમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટના નિર્માણ અર્થે ભૂમિપૂજન કર્યું હતું. હવે સૌરાષ્ટ્ર તથા ગુજરાતના આર્થિક વિકાસની ઉડાનને નવી ગતિ આપનારા આ એરપોર્ટનું તેમના વરદહસ્તે લોકાર્પણ થવા જઈ રહ્યું છે, ત્યારે સૌરાષ્ટ્રના લોકોમાં ઉત્સાહનો માહોલ છે.

વર્ષ ૨૦૧૭માં ભૂમિપૂજન બાદ નવા ગ્રીનફીલ્ડ એરપોર્ટના નિર્માણ માટે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને ગુજરાત સરકારના નાગરિક ઉડ્ડયન વિભાગ વચ્ચે સમજૂતિ કરાર થયા હતા. રાજકોટ તેના નાના પાયાના તેમજ મોટા ઉદ્યોગોને કારણે ગુજરાત અને ભારત માટે એક મહત્વપૂર્ણ આર્થિક કેન્દ્ર છે. આ શહેર વૈશ્વિક પરિપ્રેક્ષ્ય સાથે જટિલ પુરવઠા શૃંખલાઓમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે, જેમાં ઝડપથી વધારો થવાની અપેક્ષા છે. આંતરરાષ્ટ્રીય બજાર સાથે એર કનેક્ટિવિટી ઔદ્યોગિક વિકાસને વેગ આપશે, જે બદલામાં રોજગારીની નવી તકો પેદા કરશે. આ ઉપરાંત, નવા એરપોર્ટને કારણે રાજકોટમાં ઘણો વ્યાવસાયિક વિકાસ પણ થશે.




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com